
# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

# ॥ લક્ષ્ય ॥



પ્રમુખશ્રી
શ્રી પરેશભાઇ જી. ચૌહાણ



સલાહકાર
શ્રી વિનોદભાઇ કે. પઢીયાર

## બીઝનેશ તથા કારકીર્દી સમન્વય સમિતિ

માધવ માર્કેટીંગ-૨૦૩, લાખાજીરાજ ટ્રસ્ટ ભવન, ઢેબર રોડ-રાજકોટ-૩૬૦૦૦૧,
ફોનઃ ૦૨૮૧-૨૪૪૨૦૧૬, ૦૯૪૨૬૬-૩૫૧૪૨, Email: paresh.lakhya@gmail.com

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રીય સમાજ મહાસભાના સત્ર ૨૦૧૪-૧૭ના સત્રના રાષ્ટ્રીય પ્રમુખ તરીકે આદરણીય શ્રી કુંવરજીભાઇ રણછોડભાઇ ટાંકે જ્યારે અંજાર મુકામે પ્રચંડ બહુમતીથી જનાદેશ મેળવ્યો ત્યારે તેમના પ્રથમ જ વકતવ્યમાં આપણા સમાજ માટે **"સ્વર્ણિમ સમાજ"**ની સ્થાપના માટે કટીબધ્ધતા જાહેર કરી હતી તથા સમાજ ઉત્કર્ષ તથા સમાજ વિકાસના કાર્યોને પોતાના કાર્યકાળ દરમ્યાન શિખર પર લઇ જવાનો કોલ આપ્યો. આ માટે તેઓએ નિવૃત્તમાન પ્રમુખ શ્રી મણીલાલભાઇ ચાવડા દ્વારા શરૂ કરાવેલ વિવિધ સમિતિઓમાં યોગ્ય સુધારા-વધારા સાથે નવી સમિતિઓનું ગઠન કર્યું તેમાંની ''લક્ષ્ય'' સમિતિ એક છે.

આપણા સમાજનો ભૂતકાળ ખૂબ જ ભવ્ય છે. અંગ્રેજોના સમયમાં આપણા વડવાઓને **"રાયબહાદુર"**ના ખિતાબ મળેલા, રેલ્વે-લાઇન નાખવાનો શ્રેય આપણા સમાજને જાય છે. બિહાર-કલકતામાં આપણે કોલસાની ખાણોના રાજા ગણાતા આમ આપણી ગણના ખૂબ જ તવંગર સમાજમાં થતી. કચ્છમાં પણ રાજાઓના દરબારમાં આપણા વડવાઓની સલાહ લેવાતી. પરંતુ અચાનક જ આપણું અસ્તિત્વ જોખમમાં આવી ગયું??.. સમગ્ર ભારતમાં ૬૦,૦૦૦ની આસપાસની વસ્તી ધરાવતા આપણા સમાજના સભ્યો પોતાની ઓળખ માટે ફાંફાં મારવા લાગ્યા...

આ વિટંબણાઓને જોઇ આપણા સમાજના મોવડીઓ તથા સમાજરત્ન સ્વ. હિરજીબાપાએ શ્રી ક.ગુ.ક્ષ. સમાજ-મહાસભાની સ્થાપના કરી આપણા સમાજના સમગ્ર ભારતભરમાં વસતા લોકોનું સંકલન કરવાનો પ્રયાસ કર્યો. હાલમાં સમગ્ર ભારતમાં ૧૨૮ ઘટકોની વસાહતો ધરાવતી મહાસભાનો વ્યાપ ઓખાથી લઇ કોલકતા સુધી તથા દિલ્હી થી કન્યાકુમારી સુધીનો છે.

મહાસભા દરેક પ્રમુખો દ્વારા સમાજ ઉત્કર્ષના કાર્યો થયા જ છે પરંતુ હજુ આપણા સમાજની વ્યવસાયિક ઓળખ બીજા સમાજની સરખામણીમાં ઘણી ઓછી છે.

આપણા સમાજના વિકાસ માટે સર્વ પ્રથમ આપણા સમાજના બાંધવોનો **"વ્યવસાયિક વિકાસ"** ખૂબ જ મહત્વનો છે. આપણા સમાજમાં દરેક ક્ષેત્રના નિષ્ણાંતો હોવા છતાં આપણી પાસે તેના માહિતીના અભાવે બીજા લોકોની મદદ લેવી પડે છે તે માટે આપણા સમાજની લોકોનું વ્યવસાયિક **સંકલન-સમન્વય તથા સંગઠન** કરવા હેતુસર ''લક્ષ્ય'' સમિતિનું સંગઠન કરવામાં આવે છે. આ સમિતિનો ઉદ્દેશ પાછળ મુજબ છે.

# મુખ્ય ઉદ્દેશ

આપણા સમાજમાં વસતા વ્યવસાયિકો–નોકરીયાતો–ઉદ્યોગપતિઓની વચ્ચે સંકલન–સમન્વય તથા સંગઠન કરી યુવાનોને માર્ગદર્શન આપી ''સ્વર્ણિમ સમાજ''ની રચના કરવી.

(૧) લક્ષ્ય સમિતિનું પ્રથમ લક્ષ્ય એક **વ્યવસાયિક માહિતી ધરાવતી ડીરેકટરી** બનાવવાની છે કે જેમાં આપણા સમાજના નાનામાં નાના લોકોથી માંડીને મોટા ઔદ્યોગીક એકમો ધરાવતા તમામ લોકોની વ્યવસાયીક માહિતી આપવી. જેમાં ફકત પુરૂષો જ નહીં પરંતુ મહિલાઓ તથા પ્રતિભાશાળી વ્યકિતત્વ ધરાવતા સમાજ બાંધવોની પણ વિગત આપવાનો છે.

(૨) ભારતમાં વસતા પ્રતિભાશાળી લોકો કે જેઓ શિક્ષણ સાથે જોડાયેલા છે તથા શિક્ષણનો બહોળો અનુભવ ધરાવે છે તેવા દરેક વિસ્તારમાંથી **વિવિધ જ્ઞાન ધરાવતા તજજ્ઞોની એક ટીમ** તૈયાર કરવી તથા જે તે વિસ્તારમાં જરૂરીયાત મુજબ કારકિર્દી–માર્ગદર્શન સેમીનાર યોજી વિદ્યાર્થીઓને કઇ લાઇનમાં એડમીશન લેવું, ભવિષ્યની રોજગારીની તકોની માહિતી આપી યોગ્ય માર્ગદર્શન આપવાનું છે.

(૩) ભારતમાં વસતા આપણા સમાજના લોકો જેઓ સરકારી, અર્ધ સરકારી કે પ્રાઇવેટ સંસ્થામાં ઉચ્ચ હોદ્દા પર બિરાજમાન છે તથા તેઓ આપણા સમાજના નવયુવાનોને રોજગારી કે ધંધાકીય માર્ગદર્શન આપી શકે તેવા લોકોની પણ એક થીંક ટેંક તૈયાર કરવી. આપણા સમાજમાં ધંધાકીય ક્ષેત્રમાં રોજગારીની તકો માટે પ્રથમ આપણા સમાજના નવયુવાનોને તક મળે તે હેતુસર દરેક ધંધાકીય ક્ષેત્ર સાથે જોડાયેલા આપણા સમાજના લોકોને યોગ્ય પ્રતિભાની જરૂર હોય જ છે, તો તેવા લોકોને યોગ્ય પ્રતિભા પુરી પાડી સમાજના **યુવાનોને રોજગારી તથા ધંધાકીય માર્ગદર્શન** આપવાનો છે.

(૪) આપણા સમાજમાં વિવિધ પ્રતિભા ધરાવતા યુવાનો, વિદ્યાર્થીઓ કે જે રમતગમત, શિક્ષણ, સાહિત–કલામાં વિશિષ્ટ પ્રતિભા ધરાવે છે તેઓને પ્રોત્સાહિત કરી સમાજમાં આ કલાનો વિકાસ કરવા નિયમિત વર્કશોપનું આયોજન કરવું જેથી તેઓ તેમની પ્રતિભા વિકસાવી શકે.

(૫) સમાજમાં વસતા વિદ્યાર્થીઓ, યુવાનો તથા દરેક લોકો માટે જીવનમાં સફળતા, સુખ–સમૃદ્ધિ મળે તે માટે **''મોટીવેશનલ સેમિનાર''** યોજવા જેથી દરેક વ્યકિત પોતાના કાર્યક્ષેત્રમાં સફળતા મેળવે.

આમ આ 'લક્ષ્ય' સમિતિ અંતર્ગત આપના વિસ્તારમાં પણ ઉપર જણાવ્યા મુજબની કોઇ પ્રતિભા હોય તો તેમની માહિતી અમોને તુરંત આપશો જેથી તેમના જ્ઞાનનો લાભ સમગ્ર સમાજને આપી શકાય. આપ કોઇપણ રીતે ઉપરોકત કાર્યમાં ઉપયોગી થઇ શકતા હોય તો આપના સહકારાત્મક સુચનો હંમેશા આવકાર્ય છે. તો ચાલો સૌ સાથે મળીને સ્વર્ણિમ સમાજની રચના કરીએ. ઉપરોકત કાર્ય ખૂબ જ જરૂરી હોઇ આપ સૌના સાથ સહકાર વગર શક્ય ન હોય દરેક સમાજના લોકોના સાથ–સહકારથી જ આ ભગીરથ કાર્ય પાર પડશે. હકારાત્મક પ્રત્યુત્તરની અપેક્ષા સહ.

**જય સમાજ**

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

## ॥ લક્ષ્ય ૨૦૨૦ ॥

સહ વિર્ય કરવાવહૈ

લક્ષ્ય ૨૦૨૦

વ્યવસાયીક – સંકલન – સંગઠન – સમન્વય

BUSINESS-COORDINATION-CONNECTION-COMMUNICATION

## Business Data Collection Form For Lakhshya Website

૧) વ્યવસાયકનું પુરૂ નામ
Name of Businessman : ____________________

૨) વ્યવસાયનું નામ
Name of Business : ____________________

૩) વ્યવસાયનું સરનામું
Address of Business : ____________________

____________________

જીલ્લો Dist. __________ રાજ્ય State __________ પીનકોડ Pin Code __________

૪) વોટ્સએપ મોબાઈલ નં.
Whats'app Mob.No. : (1) __________

૫) દેશમાં ગામ
Name of Village in Kutcch __________

૬) ઈમેલ આઈડી
Email Id : ____________________

૭) વેબ સાઈટ
Website : ____________________

૮) છેલ્લા કેટલા સમયથી આ વ્યવસાયમાં જોડાયેલા છો.
How Many Years in This Business :

૧) પાંચ વર્ષથી ઓછા Below 5 Year's ☐  ૨) પાંચ થી ૧૦ વર્ષ 5 to10 Year's ☐  ૩) દસ થી વીસ વર્ષ 11 to 20 Year's ☐  ૪) વીસ વર્ષથી વધુ Above 20 Year's ☐

૯) વ્યવસાયનો પ્રકારઃ
Type of Business
પ્રોફેશનલ Professional ☐  રીટેલર Retailer ☐  હોલસેલર Wholesaler ☐  ગૃહ ઉદ્યોગ Small scale ☐  ઉત્પાદક Manufacturer ☐

૧૦) આપની પ્રવિણતા/એક્ષ્પર્ટાઈઝઃ
Your Expertise in:
માર્કેટીંગ Marketing ☐  મેનેજમેન્ટ Management ☐  ફાયનાન્સ Finance ☐  સેલ્સ Sales ☐  ટેકનીકલ Technical ☐  અન્ય Other ☐

૧૧) આપના વ્યવસાયની વિગત ટૂંકમાં આપોઃ ____________________
Details of Your Business : ____________________

____________________

Date : __________ Place : __________ SIGN : __________